# ફોર્મ 15જી અને 15એચ

ટાઇમ ડિપૉઝિટ્સ પર ચૂકવેલું/જમા કરેલું વ્યાજ આવકવેરા ધારો, 1961ની જોગવાઈઓ હેઠળ પ્રવર્તમાન લાગુ દરે ટૅક્સ એટ સોર્સ (ટીડીએસ) કપાતને પાત્ર રહે છે.

જો કે, આ ટીડીએસ નીચે જણાવેલા કિસ્સાઓમાં લાગુ નહીં થાયઃ

1. બ્રાન્ચ દ્વારા વ્યક્તિ (વરિષ્ઠ નાગરિક સિવાયની) કે જે ભારતના નિવાસી હોય તેમને ચૂકવવા/જમા કરવાની સંભાવિત વ્યાજની કુલ રકમ નાણાકીય વર્ષ (1 એપ્રિલ થી 31 માર્ચ સુધી) દરમિયાન રૂ.40,000થી વધુ ના હોય (એપ્રિલ 2019 પહેલા રૂ.10,000). નિવાસી વરિષ્ઠ નાગરિકના કિસ્સામાં, નાણાકીય વર્ષ દરમિયાન મહત્તમ સીમા રૂ.50,000 છે.
2. **કોઈપણ વ્યક્તિ (કંપની અથવા પેઢી)** ના કિસ્સામાં (કલમ 197એ(1એ) નિયમ 29સી સાથે વાંચતા):
   - ક. જે ભારતમાં **નિવાસી** હોય; અને
   - ખ. જેની **કુલ વાર્ષિક આવકવેરા જવાબદારી** સંબંધિત નાણાકીય વર્ષ (1 એપ્રિલ થી 31 માર્ચ સુધી) માટે અંદાજિત કુલ આવક પર **શૂન્ય** છે (કૃપા કરી નોંધ લેશો કે કુલ આવકવેરા જવાબદારી કોઈ ટીડીએસને ધ્યાનમાં ન લેતા પૂર્ણ કરવાની છે); અને
   - ગ. સંબંધિત નાણાકીય વર્ષ દરમિયાન ટર્મ ડિપૉઝિટ પર ચૂકવવાપાત્ર/જમા થયેલ કુલ વ્યાજ આવી વ્યક્તિના કિસ્સામાં આવકવેરામાં કર પાત્ર મહત્તમ રકમથી **વધારે ન હોય;** અને
   - ઘ. જેઓ આલેખિત **ફોર્મ નં.15જી (ડુપ્લિકેટમાં)**માં દરેક નાણાકીય વર્ષ માટે **અગાઉથી** પૂર્ણ વિગતો ભરેલ ઘોષણાપત્ર (ડીક્લેરેશન) બ્રાન્ચમાં રજુ કરે છે.

કૃપા કરી નોંધ લેશો કે ફોર્મ 15જી દરેક નાણાકીય વર્ષ માટે રજુ કરવાનું રહે છે અને ફોર્મ નં.15જી રજુ કરવામાં થતો કોઈપણ વિલંબ/કસૂર પાકેલ ટીડીએસ માટે પાત્ર રજુઆત કરવાની (બ્રાન્ચને) તારીખે અથવા તે પહેલા બૅન્ક દ્વારા ચૂકવેલ/જમા કરેલ વ્યાજ પર ટીડીએસ કપાતમાં પરિણમશે. આ ટીડીએસ માટે કોઈ રીફંડ ક્લેમ સીધો જ આવકવેરા વિભાગ પાસેથી કરવાનો રહેશે નહીં કે બૅન્ક પાસેથી.

3. કોઈ **વ્યક્તિ**ના કિસ્સામાં (કલમ 197એ(1સી) નિયમ 29સી સાથે વાંચતા):
   - ક. જે ભારતમાં **નિવાસી** હોય; અને
   - ખ. જે સંબંધિત નાણાકીય વર્ષ (1 એપ્રિલ થી 31 માર્ચ સુધી) દરમિયાન **કોઈપણ સમયે 60 વર્ષ અથવા વધુની ઉંમરની** હોય; અને
   - ગ. જેની **કુલ વાર્ષિક આવકવેરા જવાબદારી** સંબંધિત નાણાકીય વર્ષ માટે તેની/તેણીની અંદાજિત કુલ આવક પર શૂન્ય છે (કૃપા કરી નોંધ લેશો કે કુલ આવકવેરા જવાબદારી કોઈ ટીડીએસને ધ્યાનમાં લીધા વગર ગણના કરવાની રહેશે); અને
   - ઘ. સંબંધિત નાણાકીય વર્ષ દરમિયાન ટર્મ ડિપૉઝિટ પર ચૂકવવાપાત્ર/જમા થયેલ કુલ વ્યાજ આવી વ્યક્તિના કિસ્સામાં આવકવેરાને પાત્ર મહત્તમ રકમથી **વધારે ન હોય;** અને
   - ચ. જે **દરેક** નાણાકીય વર્ષ માટે આલેખિત **ફોર્મ નં.15એચ (ડુપ્લિકેટમાં)** માં પૂર્ણ વિગતો ભરેલ ઘોષણા પત્ર (ડીક્લેરેશન) **અગાઉથી** જ બ્રાન્ચને રજુ કરી દે.

કૃપા કરી નોંધ લેશો કે ફોર્મ 15એચ દરેક નાણાકીય વર્ષ માટે રજુ કરવાનું રહે છે અને ફોર્મ નં.15એચ રજુ કરવામાં થતો કોઈપણ વિલંબ/કસૂર પાકેલ ટીડીએસ માટે પાત્ર રજુઆત કરવાની (બ્રાન્ચને) તારીખે અથવા તે પહેલા બૅન્ક દ્વારા ચૂકવેલ/જમા કરેલ વ્યાજ પર ટીડીએસ કપાતમાં પરિણમશે. આ ટીડીએસ માટે કોઈ રીફંડ ક્લેમ સીધો જ આવકવેરા વિભાગ પાસેથી કરવાનો રહેશે નહીં કે બૅન્ક પાસેથી.

INTERNAL